**-: વાદીની આંક-૫ની મનાઈ હુકમની અરજી લગત હુકમ :-**

(૧) વાદીની કામચલાઉ મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, પ્રતિવાદીની માલીકી અને કબજા ભોગવટાની મિલકત વાંકાનેરના ગામ-કોટડા નાયાણીના રેવન્યુ સર્વે નં.૬૪ર ની જમીન હે.આરે.ચો.મી.ર-પર-૯૩ એકર-૬-૧૦ ગુંઠા ખેડુત ખાતા નં.૭૧ થી જુની શરતની જીરાયત પ્રકારની આવેલ છે. જેને કરારવાળી મિલકત તરીકે સંબોધવામાં આવે છે. સદરહુ મિલકત પ્રતિવાદીએ વાદીના વડી નવીનભાઈ આંબલીયાને કબજા વગરના સાટાખતના કરારથી તા.ર૩/૦ર/ર૧ ના રોજ રૂ.૬ર,૦૦,૦૦૦/- મા વેચાણ આપેલ અને તેજ દિવસે પ્રતિવાદીએ મિલકત વેચાણનો કરાર નોટરી સમક્ષ હાજર રહી તેમજ પ્રતિવાદીના વારસદારોને હાજર રાખી સંમતી આપનાર તરીકે સહીઓ લેવડાવી પ્રતિવાદીએ અવેજની રકમ સ્વીકારી સાક્ષી રૂબરૂ કરાર કરી આપેલ છે. સદરહુ મિલકતના અવેજ પેટે સાટાખતની વિગતે વાદીએ રૂા.ર૦,પ૦,૦૦૦/- પ્રતિવાદીને આપેલ અને પ્રતિવાદીએ વાદીના વડીલ નવીનભાઈ આંબલીયા જોગ સદરહુ જમીનનો નોટરાઈઝ સાટાખત કરી આપેલ છે. તેમજ બાકી રહેતો અવેજ રૂા.૪૧,પ૦,૦૦૦/- સાટાખતથી ૯૦ દિવસમાં ચુકવવાના હતા અને સદરહુ કરાર બાદ વાદીના વડીલ નવીનભાઈએ રૂપિયા પાંચ લાખ તા.૦૯/૦૪/ર૧ ના રોજ ચુકવેલ છે જેની નોંધ સોદા ચિઠી થયેલ છે અને આમ, વાદીના વડીલે પ્રતિવાદીને અવેજ પેટે કુલ રૂા.રપ,પ૦,૦૦૦/- પુરા ચુકવેલ છે. ત્યારબાદ વાદીના વડીલ નવીનભાઈ આંબલીયાનુ તા.૧૭/૦૪/ર૧ ના રોજ અવસાન થયેલ અને કોરાનાના કારણે દેશભરમા લોકડાઉન લાદવામાં આવેલ અને કરારવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ થઈ શકેલ નહી. તેમજ શરત પ્રમાણેપ્રતિવાદીએ કરારવાળી મિલકત ઉપરો કોઈપણ મંડળી કે બેંકનુ લેણુ તો તે પ્રતિવાદીએ દસ્તાવેજ કરતા પહેલા ભરપાઈ કરવાનુ હતુ અને મિલકત ઉપર કોઈપણ લેણુ કરી મિલકત ગીરો મુકી લોન ધિરાણ લેવાનુ ન હતુ તેમ છતા પ્રતિવાદીએ સદરહુ કરારવાળી મિલકત ઉર ધિરાણ લઈ બોજો કરેલ છે અને સદરહુ કરારવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ પ્રતિવાદીની કસુરના કારણે થઈ શકેલ નથી. ત્યારબાદ વાદીએ પ્રતિવાદીને કરારવાળી મિલકત બાબતે વેચાણ દસ્તાવેજ કરી

આપવા જણાવતા પ્રતિવાદીએ વાયદા કરી સમય વ્યતિત કરેલ છે અને પ્રતિવાદી ઈરાદાપૂર્વક કરારમાંથી ફરી જવાના બદ ઈરાદે લોન ભરપાઈ કરતા નથી અને વેચાણ દસ્તાવેજ કરી આપતા નથી. જેથી વાદીએ પ્રતિવાદીને રજી.એડી.થી લેખીત નોટસ તા.૦૬/૦૫/૨૦૨૩ ના રોજ પાઠેવેલ, જે નોટીસ પ્રતિવાદીને મળી જવા છતા પણ કરારનુ પાલન કરતા નથી કે નોટીસનો અમલ કરેલ નથી. તેમજ પ્રતિવાદીએ નોટીસ અન્વ્યે વાદી પાસેથી તા.૨૩/૦૨/૨૧ ના રોજનુ સાટાખત તથા તા.૦૯/૦૪/૨૧ ના રોજની સોદા ચીઠીની નકલની માંગણી કરેલ અને ત્યારબાદ નોટીસનો જવાબ પાઠવશે તેવો ઉડાઉ જવાબ આપેલો. વાદી કરારનુ પાલ કરવા માટે હરહંમેશ તૈયાર અને ખુશી છે અને પ્રતિવાદીને બાકીની અવેજ સ્વીકારી લઈ વેચાણ દસ્તાવેજ કરી આપવા મોબાઈલ પર જણાવેલ જેનુ રેકોર્ડીંગ કરેલ અને તે પ્રતિવાદીની વાતચીત ઉપરથી જણાઈ આવે છે કે પ્રતિવાદીનો વેચાણ દસ્તાવેજ કરી આપવાનો ઈરાદો નથી. આમ, વાદી દ્વારા પ્રતિવાદીને બાકી રહેતી અવેજની રકમ સ્વીકારી લેવા અને પ્રતિવાદીએ કરારવાળી મિલકત પર લીધેલ લોન ભરપાઈ કરી નો-ડયુનો દાખલો મેળવી વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવેલ છતા પ્રતિવાદીએ કોઈ તૈયાર દર્શાવેલ નથી અને આમ, પ્રતિવાદીએ કરાર મુજબનવાદીના નામનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરેલ નથી કે જમીનનો શાંત, ખાલી, પ્ર ત્યક્ષ અને નિર્ભય કબજો વાદીને સોંપી આપેલ નથી અને કરારવાળી મિલકતની ટાઈટલ કલીયર કરી જમીનની સરકારી માણી કરી દસ્તાવેજ કરી આપવાનો હતો અને પ્રતિવાદીએ મિલકતની માપણી કરવાની અરજી પણ કરેલ અને ત્યારબાદ વાદીના વડીલ નવીનભાઈનુ અવસાન થતા માપણી સંબંધે શુ કાર્યવાહી થયેલ તેની વાદીને જાણ નથી. વાદી કરારવાળી મિલકતનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવવા પ્રથમથી જ તૈયાર અને ખુશી હતા અને આજે પણ છે અને સાટાખત અન્વયે બાકી રહેતી અવેજની રકમ પણ ચુકવવા પણ તૈયાર છે, પરંતુ પ્રતિવાદીએ સદરહુ મિલકત ઉપર ધીરાણ ગીરો મુકેલ હોય વેચાણ દસ્તાવેજ થઈ શકે તેમ નથી અને પ્રતિવાદીને મિલકતનુ ટાઈટલ કલીયર કરી વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે જણાવતા છતા પ્રતિવાદીઓ વાદી જોગ વેચાણ દસ્તાવેજ કરી ન આપતા સદરહુ અરજ ગુજારેલ છે અને વાદીએ જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી જાતે કે તેમના નોકર, એજન્ટ, મુખત્યાર કે અન્ય કોઈપણ

મારફતે મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના ગામ–કોટડા નાયાણીના રેવન્યુ સર્વે નં.૬૪૨ ની જમીન હે.આરે.ચો.મી.૨–૫૨–૯૩ જેના એકર ૬–૧૦ ગુંઠા ખેડતુ ખાતા નં.૭૧ થી જુની શરતની જીરાયત પ્રકારની આવેલ છે, જે પ્રતિવાદી વાદી સિવાય અન્ય કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર, એસાઈન કરે–કરાવે નહી કે આ મિલકતમાં ત્રાહીતનુ કોઈ હિત ઉત્પન્ન કરે નહી, લોન લે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે અને અરજીને આનુસંગીક અન્ય જે જે દાદ આપવી યોગ્ય લાગે તે અપાવવા અને અરજીનુ તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) પ્રતિવાદી તરફે વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો આંક–૧૧ થી વાંધા જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીની મનાઈ અરજીની હકીકતનો ઈન્કાર કરી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચ સહીત નામંજુર કરવા જણાવેલ છે.

(૩) વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| અ.નં | દસ્તાવેજની વિગત | માર્ક |
|---|---|---|
| ૧ | ગામ નમુના નં.૭/૧૨ | ૪/૧ |
| ૨ | ગામ નમુના નં.૮–અ | ૪/૨ |
| ૩ | માપણી જંગલ બુક–ટીપણ | ૪/૩ |
| ૪ | વાદી જોગ પ્રતિવાદીએ કરી આપેલ સાટાખતનો કરાર અને તેની સાથે રેવન્યુ રેકર્ડ | ૪/૪ |
| ૫ | સોદા ચીઠ્ઠી | ૪/૫ |
| ૬ | નવીનભાઈ આંબલીયાએ પ્રતિવાદીને આપેલ ચેક | ૪/૬ |
| ૭ | લાઈટ બીલ | ૪/૭ |
| ૮ | માપણીના નાણાં ભર્યાની પહોંચ | ૪/૮ |
| ૯ | મિલકત ખરીદ કરતી વખતે પાઠવેલ જાહેર નોટીસ | ૪/૯ |
| ૧૦ | વાદીએ પ્રસિધ્ધ કરાવેલ જાહેર નોટીસ | ૪/૧૦ |

| | | |
|---|---|---|
| ૧૧ | વાદીએ પ્રતિવાદીને રજીસ્ટર એડી.મારફતે મોકલેલ લેખીત નોટીસ | ૪/૧૧ |
| ૧૨ | પ્રતિવાદીને પાઠવેલ નોટીસ મળી ગયાની એકનોલેઝમેન્ટ સ્લીપ | ૪/૧૨ |
| ૧૩ | પ્રતિવાદીએ વાદીને પાઠવેલ નોટીસનો જવાબ | ૪/૧૩ |
| ૧૪ | નવીનભાઈ આંબલીયાનુ મરણ પ્રમાણપત્ર | ૪/૧૪ |
| ૧૫ | વાદીની નોટીસનો પ્રતિવાદી તરફે વાંધા | ૪/૧૫ |

(૪) પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| અ.નં | દસ્તાવેજની વિગત | માર્ક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદીની દાવાવાળી જમીનના ગામ નમુના નં.૭/૧૨ | ૧૨/૧ |
| ૨ | સર્વે નં.૬૪૨ નુ હિસ્સાવાળુ ફોર્મ નં.૪ તથા માપણી શીટની ખરી નકલ | ૧૨/૨ |
| ૩ | વાદીની નોટીસનો પ્રતિવાદીએ તેમના વિ.વ.શ્રી મારફતે રજી.એડી.થી મોકલેલ જવાબ તથા સામી નોટીસ | ૧૨/૩ |
| ૪ | વાદીને સદરહુ નોટીસ મળ્યા અંગેની પોષ્ટ ખાતાની એકનોલેઝમેન્ટ રસીદ | ૧૨/૪ |
| ૫ | હકકપત્રક નોંધ નં.૫૬૩૦ | ૧૨/૫ |

(૬) વાદી તરફે વિ.વ.શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે,પ્રતિવાદીની માલીકી અને કબજા ભોગવટાની મિલકત વાંકાનેરના ગામ–કોટડા નાયાણીના રેવન્યુ સર્વે નં.૬૪૨ ની જમીન હે.આરે.ચો.મી.૨–૫૨–૯૩ એકર–૬–૧૦ ગુંઠા વાદીના વડીલ નવીનભાઈ આંબલીયાને કબજા વગરના સાટાખતના કરારથી તા.૨૩/૦૨/૨૧ ના રોજ રૂા.૬૨,૦૦,૦૦૦/– મા વેચાણ આપેલ અને તેજ દિવસે પ્રતિવાદીએ મિલકત વેચાણનો કરાર નોટરી સમક્ષ હાજર રહી કરી આપેલ છે.તેમજ પ્રતિવાદીના વારસદારોને હાજર રાખી સંમતી આપનાર તરીકે સહીઓ લેવડાવી પ્રતિવાદીએ અવેજની રકમ સ્વીકારી સાક્ષી રૂબરૂ કરાર કરી આપેલ છે.તેમજ મિલકતના અવેજ પેટે સાટાખતની વિગતે વાદીએ રૂા.૨૦,૫૦,૦૦૦/– પ્રતિવાદીને આપેલ અને પ્રતિવાદીએ વાદીના વડીલ નવીનભાઈ આંબલીયાએ જમીનનો નોટરાઈઝ સાટાખત કરી આપેલ

છે.તેમજ બાકી રહેતો અવેજ રૂા.૪૧,૫૦,૦૦૦/– સાટાખતથી ૯૦ દિવસમાં ચુકવવાના હતા.તેમજ કરાર બાદ વાદીના વડીલ નવીનભાઈએ રૂપિયા પાંચ લાખ તા.૦૯/૦૪/૨૧ ના રોજ ચુકવેલ છે જેની નોંધ સોદા ચિઠીમાં થયેલ છે.જેથી વાદીના વડીલે પ્રતિવાદીને અવેજ પેટે કુલ રૂા.૨૫,૫૦,૦૦૦/– પુરા ચુકવેલ છે.ત્યારબાદ વાદીના વડીલ નવીનભાઈ આંબલીયાનુ તા.૧૭/૦૪/૨૧ ના રોજ અવસાન થયેલ અને કોરાનાના કારણે દેશભરમા લોકડાઉન લાદવામાં આવેલ અને કરારવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ થઈ શકેલ નહી.તેમજ શરત પ્રમાણે પ્રતિવાદીએ કરારવાળી મિલકત ઉપરો કોઈપણ મંડળી કે બેંકનુ લેણુ તો તે પ્રતિવાદીએ દસ્તાવેજ કરતા પહેલા ભરપાઈ કરવાનુ હતુ અને મિલકત ઉપર કોઈપણ લેણુ કરી મિલકત ગીરો મુકી લોન ધિરાણ લેવાનુ ન હતુ તેમ છતા પ્રતિવાદીએ સદરહુ કરારવાળી મિલકત ઉર ધિરાણ લઈ બોજો કરેલ છે.જેથી મિલકતનો વેચાણ દસ્તાવેજ પ્રતિવાદીની કસુરના કારણે થઈ શકેલ નથી.જેથી વાદીએ પ્રતિવાદીને રજી.એડી.થી લેખીત નોટીસ તા.૦૬/૦૫/૨૦૨૩ ના રોજ આપેલ.જે નોટીસ પ્રતિવાદીને મળી જવા છતા પણ કરારનુ પાલન કરેલ નથી.તેમજ પ્રતિવાદીએ નોટીસ અન્વ્યે વાદી પાસેથી તા.૨૩/૦૨/૨૧ ના રોજનુ સાટાખત તથા તા.૦૯/૦૪/૨૧ ના રોજની સોદા ચીઠીની નકલની માંગણી કરેલ અને ત્યારબાદ નોટીસનો જવાબ પાઠવશે તેવો ઉડાઉ જવાબ આપેલો. વાદી કરારનુ પાલન કરવા માટે હરહંમેશ તૈયાર અને ખુશી છે અને પ્રતિવાદીને બાકીની અવેજ સ્વીકારી લઈ વેચાણ દસ્તાવેજ કરી આપવા મોબાઈલ પર જણાવેલ જેનુ રેકોર્ડીંગ કરેલ અને તે પ્રતિવાદીની વાતચીત ઉપરથી જણાઈ આવે છે કે પ્રતિવાદીનો વેચાણ દસ્તાવેજ કરી આપવાનો ઈરાદો નથી.વાદી કરારવાળી મિલકતનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવવા પ્રથમથી જ તૈયાર અને ખુશી હતા અને આજે પણ છે અને સાટાખત અન્વયે બાકી રહેતી અવેજની રકમ પણ ચુકવવા પણ તૈયાર છે, પરંતુ પ્ર તિવાદીએ સદરહુ મિલકત ઉપર ધીરાણ ગીરો મુકેલ હોય વેચાણ દસ્તાવેજ થઈ શકે તેમ નથી.જેથી પ્રતિવાદી દાવાવાળી મિલકત અન્ય કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર, એસાઈન કરે–કરાવે નહી કે આ મિલકતમાં ત્રાહીતનુ કોઈ હિત ઉત્પન્ન કરે નહી, લોન લે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા રજુઆત કરેલ છે.વાદી

તર્ફે નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

(૧)તૌફીક ઈદ્રીશભાઈ પટેલ વી.નુરાભાઈ અલીભાઈ મોમીન

(૨)દર્પણ કો.ઓ.સો.લી.વતી ચેરમેન નરેશ ગંગારામ રાઠોડ વી.ડાહ્યાભાઈ મગનભાઈ રબારી

**(૭)** પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એ જણાવેલ છે કે,વાદીએ પોતાનો કેશ પુરવાર કરવો જોઈએ તથા વાદી સગવડતાની સમતુલા તથા નાણાંથી ભરપાઈ ન થાય તેવા નુકશાની સંભાવના પણ પુરવાર કરવી પડે.તેમજ વાદીએ ચોખ્ખા હાથે આવવુ પડે.વાદીની દાવા અરજી જોતા વાદી ચોખ્ખા હાથે આવેલ નથી.વાદીએ પુરાવા સાથે ચેડા કરેલ છે.વાદીના પિતા સાથે એગ્રીમેન્ટ થયેલ તે અંગે કોઈ તકરાર નથી.તેમજ અવેજ બાબતે પણ કોઈ તકરાર નથી.કરાર બાદ ૫ લાખ આપેલાનુ જણાવેલ છે તેવી કોઈ રકમ આપેલ નથી કે સોદા ચીઠી થયેલલ નથી.જેથી માર્ક ૩/૫ વાળી ચીઠ્ઠી શંકાસ્પદ છે.તેમા પ્રતિવાદીની સહી નથી.તેમજ વાદીએ નોટિસ મોકલતા માર્ક ૩/૧૩ થી નોટિસ આપી સોદાચીઠ્ઠીની નકલની માંગણી કરેલ પરંતુ વાદીએ મોકલી આપેલ નથી.જેથી માર્ક ૩/૫ વાળી ચીઠ્ઠી બોગસ છે.જેથી વાદી ચોખ્ખા હાથે આવેલ નથી.નવીનભાઈ ગુજરી ગયા બાદ સોદો ચાલુ રાખવા બાબતે કોઈ નોટિસ આપેલ નથી.સાટાખત મુજબ ૯૦ દિવસમાં રકમ ચુકવવાની હતી તે મહત્વની બાબત છે.તા.૦૬/૦૫/૨૩ ના રોજ નોટિસ આપેલ તે પહેલા નોટિસ આપેલ નથી.જેથી નોટિસ સમય મર્યાદા બહાર ની છે.તેમજ તા.૦૧/૦૩/૨૩ ના રોજ રેકોર્ડીગ કરેલાનુ જણાવેલ છે તેવુ રેકોર્ડીગ રજુ કરેલ નથી.નવો બોજો ઉભો કરેલ હોય તેવો કોઈ પુરાવો નથી.૭/૧૨ માં જે બોજો છે તે સને ૨૦૧૮ નો છે.જે નોંધ નં.૫૦૫૧ માં જણાવેલ છે.પ્રતિવાદીએ માર્ક ૧૨/૧ થી ૭/૧૨ રજુ કરેલ છે.જેથી વાદી ચોખ્ખા હાથે આવેલ નથી.તેમજ કરારમાં પેરા–૬ માં કુવા સાથે શબ્દ પાછળથી ઉમેરેલ છે.તેવો કરાર થયેલ નથી.તા.૨૩/૦૨/૨૧ ના રોજ કુવાનુ અસ્તીત્વ ન હતુ.એગ્રીમેન્ટ સાથે રજુ કરેલ ૭/૧૨ માં કુવો હોય તેવી નોંધ નથી.જે માર્ક ૧૨/૫ થી હકપત્રકની નોંધ થયેલ છે તે તા.૧૩/૦૮/૨૧ ના રોજની છે.તે સમયે નવીનભાઈ હયાત પણ ન હતા.જેથી કુવા સાથે શબ્દો એગ્રીમેન્ટમાં પાછળથી ઉમેરેલ છે.જેથી વાદી ચોખ્ખા હાથે આવેલ નથી.જમીનની માપણી થયેલ છે કે નહીતે બાબતે વાદીએ કોઈ તસ્દી લીધેલ નથી.સાટાખત

પછી માપણી કરેલ તે માર્ક ૧૨/૨ થી રજુ કરેલ છે.પ્રતિવાદી સાથે કોઈ વાત થયેલ નથી.જેથી વાદીનો પ્રથમ દર્શનીય કેશ નથી.જવાબના પેરા–૨૭ માં ખોટી હકીકત જણાવેલ છે.જેથી વાદીની મનાઈઅરજી રદ્દ કરવા રજુઆત કરેલ છે.

(૮) ઉપરોકત હકીકતોના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

(૧) શું વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરે છે ?

(૨) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં હોવાનું વાદી પુરવાર કરે છે ?

(૩) શું વાદી એ હકીકત પુરવાર કરે છે કે માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવા નુકશાનની શકયતાઓ રહેલી છે ?

(૪) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ

**<u>મુદ્દા નં. ૧ થી ૩ ના જવાબના સયુંકત કારણો:–</u>**

(૧૦) ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ ના જવાબની હકીકતો એકબીજાથી સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી સંયુકત ચર્ચા કરેલ છે. કાશી મઠ સમસ્થાન અને બીજા વિ.શ્રીમદ સુધીન્દ્દ તિર્થ સ્વામી અને બીજા ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે," It is well settled that in order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is

not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the Court to grant injunction in his favour even if, he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted.”

તેમજ કોલગેટ પાલમોલીવ લીમીટેડ વિ.હિન્દુસ્તાન લીવર લી.ના કેશમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, "The object of interlocutory injunction is to protect the plaintiff against the injury by reason of violation of his right and relief by way of interlocutory injunction is granted to mitigate the risk of injustice to the plaintiff during the period before the uncertainty could be resolved. Generally, the interlocutory remedy by way of a grant of an order of injunction is intended to preserve and maintain in status quo the rights of the parties and to protect the plaintiff, being the initiator, of the action against incursion of his rights and for which there is no appropriate compensation being quantified in terms of damages. The basic principle of the grant of an order of injunction is to assess the right and need of the plaintiff as against that of the defendant and it is a duty incumbent on to the law Courts to determine as to where the balance lies. Another redeeming feature in the matter of grant of interlocutory injunction is that in the event of a grant of injunction in regard to a party defendant where the latter's enterprise has commenced, and in that event the consideration may be somewhat different from that where the defendant is yet to commence its enterprise."

ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવ્યા મુજબ વાદીએ મનાઈ હુકમની દાદ મેળવવા માટે પોતાનો પ્રથમ દર્શનીય કેશ પુરવાર કરવો જરૂરી છે.વાદી તર્ફેની દલીલો તથા વાદી તર્ફે રજુ કરેલ દસ્તાવેજોની ઝીણવટભરી રીતે મુલ્યાંકન કરેલ છે.

(૧૧)ઉપરોકત રજુઆતો તથા વાદીની દાવા અરજી વંચાણે લેતા આ કામના વાદીઓના વડીલ

ગુજરનાર નવીનભાઈ ખીભાભાઈનાઓએ પ્રતિવાદી સાથે તેઓની માલીકીની જમીન મોજે વાંકાનેરના કોટડાનાયાણીના સર્વે નં.૬૪૨ હે.આરે.૨–૫૨–૯૩ ચો.મી. કબજા વગરના કરાર થી તા.૨૩૦/૦૨/૨૧ ના રોજ રૂા.૬૨,૦૦,૦૦૦/– ના અવેજનો સાટાખતનો નોટરી રૂબરુનો કરાર કરેલ હતો.વાદીઓના ના ગુજરનાર વડીલે પ્રતિવાદીને અવેજ પેટે રૂા.૨૦,૫૦,૦૦૦/– રકમ અવેજ પેટે ચુકવેલ હોવાનુ જણાવેલ છે.તેમજ બાકીની અવેજની રકમ રૂા.૪૧,૫૦,૦૦૦/– કરાર બાદ ૯૦ દિવસમાં ચુકવવાની હોવાનુ જણાવેલ છે પરંતુ સને ૨૦૨૧ માં કોરોના મહામારીના કારણે વાદીઓના વડીલ કોરોના મહામારીનો ભોગ બનેલ અને તા.૧૭/૦૪/૨૧ ના રોજ મરણ ગયેલ છે.જેથી વેચાણ દસ્તાવેજ થઈ શકેલ નથી તેવુ જણાવેલ છે.પ્રતિવાદી તર્ફે લેખીત જવાબમાં વાદીઓના ગુજરનાર વડીલ સાથે સાટાખતનો કરાર થયેલા તથા અવેજ પેટે રૂા.૨૦,૫૦,૦૦૦/– મળેલ હોવાની હકીકતનુ સ્વીકાર કરેલ છે.પ્ર તિવાદી તર્ફેની તકરારમાં વાદીએ કરારમાં ચેડા કરેલાની તકકાર લીધેલ છે અને તા.૦૯/૦૪/૨૧ ના રોજ રૂપિયા પાંચ લાખ આપેલાની હકીકતનો ઈનકાર કરેલ છે અને રકમ ચુકવાયેલ ચીઠ્ઠીનો પણ ઈનકાર કરેલ છે.વાદીઓના વડીલ તથા પ્રતિવાદી વચ્ચે થયેલ કરારની તારીખ જોતા ૨૩/૦૩/૩/૨૧ ના રોજની છે.જયારે વાદીઓના વડીલ તા.૧૭/૦૪/૨૧ ના રોજ મરણ ગયેલ છે.વાદી તર્ફે રજુ કેરલ માર્ક ૩/૪ વાળો કરાર જોતા બાકીની અવેજની રકમ ૪૧,૫૦,૦૦૦/– ૯૦ દિવસમાં ચુકવી દસ્તાવેજ કરાવવાનો હતો.વાદીના વડીલ ગુજરી ગયા બાદ કરારના પાલન માટે વાદીઓએ કરાર ચાલુ રાખવા કોઈ નોટિસ આપેલ નથી.તેમજ તેઓ વાદીઓના વડીલ વતી કરારનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે તેવુ બતાવવા કોઈ નોટિસ આપેલ નથી.જયારે વાદીઓએ હાલનો દાવો તા.૧૭/૦૬/૨૩ ના રોજ કરેલ છે. હાલના કરારની શરતો મુજબ વાદીઓના વડીલ ગુજરી ગયા બાદ વાદીઓએ કરારના પાલન માટે કોઈ તૈયાર બતાવેલ નથી.જેથી વાદીનો પ્રથમ દર્શનીય કેશ જણાઈ આવતો નથી.જેથી વાદીનો પ્રથમ દર્શનીય કેશ જણાઈ આવતો ન હોય સવગડતાની સમતુલા તથા નાણાંથી ભરપાઈ ન થાય તેવી સંભાવના વાદીની તરફેણમાં નથી.જેથી વાદી તર્ફેની દલીલો તથા ચુકાદાઓ ગ્રાહય રાખી શકાય તેમ નથી.જેથી પ્રતિવાદીની દલીલોનો સ્વીકાર

કરુ છુ અને મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપુ છુ અને મુદ્દા નં. ૪ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧) વાદીની મનાઈ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરસે.

આજરોજ હુકમ તારીખ: ૧૩, માહે: માર્ચ, સને.: ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૩/૦૩/૨૦૨૫
સ્થળ: વાંકાનેર.

( વી.એસ.ઠાકોર )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
CODE GJ 01224